No Pages to Display

શારદામંદિર
અમદાવાદ૭
બાલમંદિર

નૂતન બાળસાહિત્યમાળા : શ્રેણી બીજી : પુસ્તક અગિયારમું

# બહાદુર હંસા

○

વિમળાબેન મોતીલાલ સેતલવાડ

○

શારદામંદિર
અમદાવાદ૭
બાલમંદિર

નૂતન બાળસાહિત્ય માળા
નારગોળ
[વાયા સંજાણ, જિ. વલસાડ, વે. રે.]

આવૃત્તિ ચોથી ] ૧૯૬૬ ૪૦ પૈસા

એક છોકરી હતી; તેનું નામ હંસા હતું. તે બહાદુર હતી.

તેને દોડતાં આવડતું હતું, તરતાં આવડતું હતું અને ઘોડા પર બેસતાં તો ખૂબ સરસ આવડતું હતું.

બધામાં તે ખૂબ હોશિયાર હતી.

એક દિવસ તે બહાર ફરવા ગઈ. રસ્તામાં તેણે કોઈનો પડી ગયેલો એક ઊનનો દડો જોયો.

દડાનો દોરો ખૂબ ઉકેલાઈ ગયો હતો. તેનો છેડો છૂટો થઈ એટલો બધો દૂર ગયો હતો કે તે દેખાતો પણ નહોતો.

હંસાએ આ ઊનનો દડો હાથમાં લીધો અને વીંટાળવા માંડયો.

દડો વીંટાળતાં વીંટાળતાં મોટો ને મોટો થતો જતો હતો. હંસા આ જોઈ બોલી ઊઠી, 'આ દડો તે કેવડો મોટો થશે ? ચાંદા જેવડો થશે કે શું ?'



પણ એટલામાં તેણે એક બાઈને જતી જોઈ. તે મોજું ગૂંથતી ગૂંથતી જતી હતી.



હંસાને લાગ્યું કે આ ઊનનો દડો આ બાઈનો જ હોવો જોઈએ. આથી તે બાઈ આગળ આવીને બોલી, 'આ દડો તમારો છે ?'




બાઈ તો હંસા ઉપર ખુશ ખુશ થઈ ગઈ. પોતાના માટે હંસાએ મહેનત કરી તેથી તેણે તેને ચાર આના ભેટ આપ્યા !

ચાર આના મળવાથી હંસા રાજી રાજી થઈ ગઈ. તે તો તરત જ ચાર આનાનું રમકડું લેવા બજારમાં ઊપડી.

દુકાનમાં હંસાએ એક નાનકડું એંજિન જોયું. તેને તે લેવાનું મન થયું; પણ તેની કિંમત ઘણી હતી. પછી તેને મોટર લેવાનું મન થયું; પરંતુ તેની કિંમત પણ વધારે હતી.

ચાર આનામાં કયું રમકડું ખરીદવું તેનો હંસા વિચાર કરતી હતી, તેવામાં તેની નજર એક ચોપડી વેચનાર પર પડી.



આથી હંસાને એક વાર્તાની ચોપડી લેવાનું મન થયું. નાની નાની વાર્તાઓ વાંચવાનો હંસાને ખૂબ શોખ હતો.

તેણે એક સુંદર વાર્તાની ચોપડી પસંદ કરી અને ચાર આના આપીને વેચાતી લઈ લીધી.



આ ચોપડી ખરેખર સરસ હતી. તેની અંદર નાની નાની વાતો એટલી બધી સુંદર હતી કે તે ફરી ફરી વાંચવાનું મન થયા જ કરે!

ચોપડી લઈ હંસા દૂર દૂર ઝાડોની ઘટામાં ગઈ અને એક ઝાડના થડ પાસે બેસી તે વાંચવા લાગી.

હંસા આ ચોપડી જરા મોટેથી વાંચતી હતી. કારણકે તે હજી નાની હતી. તેને બરાબર વાંચતાં આવડતું નહોતું.

ઝાડોની ઘટા એટલે જંગલ;
અને જંગલ એટલે વાઘોનું ઘર.

હંસાને જંગલમાં બોલતી
સાંભળી બધા વાઘ તેને ખાવા
આવવા લાગ્યા.

બધા વાઘ હંસાને ખાવા આવતા હતા; પણ ગમત એવી થતી કે જેવા તે હંસાની પાસે આવે કે તરત જ વાર્તા સાંભળવા બેસી જતા!

સુંદર વાર્તા સાંભળવી કોને ન ગમે!

બધા વાઘ એમ નક્કી કરીને બેસતા કે વાર્તા પૂરી થયા પછી આપણે હંસાને ખાઈશું. હંસા હવે ક્યાં જવાની છે? હમણાં વાર્તા સાંભળી લેવા દો.



હંસા વાર્તા વાંચવાની મજામાં પડી હતી. તેની આસપાસ ઘણા બધા વાઘ આવીને બેઠા હતા તેની તેને ખબર જ નહોતી!

પણ જ્યારે હંસા ચોપડી વાંચી રહી, અને તેણે ઊંચે જોયું, ત્યાં તો ઘણા બધા વાઘ!

હંસા અચાનક આટલા બધા વાઘ જોઈ ગભરાઈ ગઈ. તે મનમાં બોલી ઊઠી, "હવે શું કરવું? ક્યાં જવું? આ બધા વાઘ મને ખાઈ જશે!"

બધા વાઘ બોલી ઊઠ્યા, "હંસા, હંસા, તને ખાઉં!"

પણ હંસા કાંઈ મૂંઝાય તેવી નહોતી. તેણે તરત જ વિચાર કરી બધા વાઘને કહ્યું, "હા, મને ખાઈ જાઓ. પણ તમે આટલા બધા મને ખાશો કઈ રીતે?"

"તમે બધા એમ નક્કી કરો કે તમારામાં જે સૌથી મોટો વાઘ હોય તે મને ખાઈ જાય."

કોણ મોટો તે નક્કી કઈ રીતે થાય? દરેક વાઘ એમ જ કહે, “હું સૌથી મોટો, હું સૌથી જબરો.”

આ જોઈ હંસો એકદમ બોલી, “તમે બધા વાઘ લડાઈ કરો. લડાઈમાં જે જીતે તે સૌથી મોટો; તે મને ખાય.”



બધા વાઘને આ વાત પસંદ પડી; તેમણે એકદમ લડવાનું શરૂ કર્યું.

હંસાને આ લડાઈ જોવાની ખૂબ મજા પડી. તે તો હસતી જાય અને લડાઈ જોતી જાય.

પણ ત્યાં તો તેને વિચાર આવ્યો; "આ લડાઈ જોવાનો વખત નથી પણ નાસવાનો વખત છે."

તેણે તો દોટ મૂકી નાસવા માંડ્યું.

પણ ત્યાં તો એક સૌથી મોટો વાઘ બધા વાઘને મારી તેની પાછળ પડયો.




હંસાએ આ જોયું. તે બોલી ઊઠી, "હવે શું કરવું? આ વાઘ મને જરૂર પકડી પાડશે!"

પણ હંસા હિંમતવાળી હતી. તેણે પાસે એક નદી જોઈ ને એક વિચાર આવ્યો.

તરત જ તેણે દોટ મૂકી અને એક ઢાળવાળી ભેખડ પરથી નદીમાં ભૂસકો માર્યો.

વાઘ હંસાને પકડવા તેની પાછળ દોડયો. તે ખૂબ જોરથી દોડયો, અને છેક ભેખડ સુધી આવી ગયો.

વાઘ ભેખડ સુધી આવ્યો તો ખરો, પણ હવે તે ગભરાયો; કારણકે ભેખડની નીચે નદી હતી.



તેને અટકી જવાનું મન થયું; પણ હવે અટકી શકાય કઈ રીતે? ભેખડ ઘણી ઢાળવાળી હતી. તેને નદીમાં પડવું જ પડ્યું!



હંસો તરતી તરતી નદી કાંઠે નીકળી ગઈ પણ વાઘ તો નદીમાંજ રહી ગયો! તે ડૂબી ગયો અને મરી ગયો.

હંસા જેવી નદીમાંથી બહાર નીકળી કે તરત તેને પેલી વાર્તાની ચોપડી યાદ આવી. તે તો જંગલમાં જ રહી ગઈ હતી!

એ તો પાછી જંગલમાં ચાલી. તેના મનમાં એમ હશે, "હવે જંગલમાં વાઘ ક્યાંથી હશે? બધા વાઘ ક્યારનાય મરી ગયા છે."

પણ હંસા પેલા ઝાડ પાસે આવી, ત્યાં તો તેણે એક મોટો વાઘ ઊભેલો જોયો!

આ વાઘ હમણાં જ આવ્યો હતો. તે આગળની લડાઈમાં નહોતો; બધા વાઘને મરેલા જોઈ તે ખુબ ગુસ્સે થયો હતો.

તેણે એકદમ પંજો ઊંચો કરી હંસાને કહ્યું, “ખાઉં ખાઉં.”



આ જોઈ હંસા પાછી ખસી; પણ તેવામાં તેને કાંઈક યાદ આવ્યું. તરતજ તેણે ત્યાં એક દંડકો પડયો હતો તે ઉપાડયો અને જોરથી વાઘના મોઢામાં ફેંકયો.



વાત એમ હતી કે હંસાએ એક વાર્તામાં વાંચ્યું હતું, કે વાઘ દેડકો ખાય તો મરી જાય.

અને બન્યું પણ તેમજ; વાઘે જેવો દેડકો ખાધો કે તેવો જ તે મરી ગયો.

છેવટે હંસા પોતાની વાર્તાની ચોપડી લઈ આનંદથી નાચતી નાચતી ઘેર ગઈ. રોજ તે આ ચોપડી વાંચે અને પેલી વાઘની લડાઈ યાદ કરે. કેવી મજા !

---

પ્રકાશક : મનુભાઈ સુખલાલ શાહ, નારગોળ, વાયા સંજાણ, જી. વલસાડ.
મુદ્રક. રમણલાલ બી. નાયક, અજીત મુદ્રણાલય, ગંધ્રપ શેરી, વાડીફળીયા, સુરત.